જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨૪ બિયર ટીન ૦૧ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

બી.એન.એસ.એસ.કલમ ૮૪ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં. ૧૩૦૦/૨૦૨૫**

મહિલા પોલીસ સ્ટેશન (પશ્ચીમ) સે.ગુ.ર.નં. ૩૦૧૦/૨૦૧૪ મુજબ તથા સેશન્સ કેસ નંબર ૨૨૦/૨૦૨૧ મુજબના ગુનાના કામે આરોપી એકનાથ સ/ઓ મનોજકુમાર કામલે (રહે.ગજરાજગીરીની ચાલી, મહાકાળી મંદિર સામે, શાહીબાગ, અમદાવાદ શહેર તથા ધર્મેન્દ્ર ઉર્ફે સમીર સ/ઓ ક્રિષ્નારાઘે સાવ (રહે.બ્લોક નંબર–એચ, રૂમ નંબર–૦૪, સાયોના સીટી વિભાગ–ચાણક્યપુરી બ્રીજની પાસે, ઘાટલોડીયા, અમદાવાદ શહેર) નાઓ બંને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂં નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ કોર્ટ નંબર–૦૬, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી